## –:: વેચાણ કરાર(કબજા વગર) :: –

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના, સબ ડીસ્ટ્રીકટ રાજકોટના, રાજકોટ શહેરમાં રાજકોટ મ્યુ. કોર્પોરેશનની હદમાં આવેલ ગામ **નાનામવા** ના રેવન્યુ સર્વે નં.**૭૩/૭૫** પૈકીની બીનખેતી જમીનના પ્લોટસ પૈકી સબ પ્લોટ નં.**૭૪/એ, ૭૪/બી** તથા **૭૪/સી** ની કુલ મળી જમીન ચો.મી.આ.**૪૪૬–૩૫** ઉપર આવેલ ""**કુબેર કષ્ટભંજન**"" ના નામથી ઓળખાતા કોમર્શીયલ હેતુ માટેના લો–રાઈઝ બિલ્ડીંગમાં ........ ફલોર ઉપર આવેલ દુકાન/ઓફીસ નં.......... નો કબજા વગરનો વેચાણ કરાર.

ટી. પી. સ્કીમ નં.૩(**નાનામવા**) ના ફાઈનલ પ્લોટ નં.**૧૯૦** પૈકી

---

**<u>પ્રથમ પક્ષકાર/લખાવી લેનાર:–</u>**

**શ્રી..................................,**

હિન્દુ, ઉ.વ.આ......, ધંધો:– ........,

ઠે........................................

.................................. **::: તે ઓફીસ/દુકાન ખરીદનાર**

(હવે પછી અહીં જેમનો ઉલ્લેખ પ્રથમ પક્ષકાર "**એલોટી**" તરીકે કરવામાં આવ્યોછે) (તે શબ્દ પ્રયોગ **(Expression)** માં જો તે સંદર્ભ અથવા અર્થથી વિરૂધ્ધ ન હોય તો તે શબ્દોમાં ઉત્તરાધિકારી, વહીવટકર્તા, પ્રબંધક, પરવાનગી આપેલ એસાઈની સહિત તમામનો સમાવેશ થશે.)

**<u>બીજા પક્ષકાર/લખી આપનાર:–</u>**

**શ્રી તપન પ્રદિપકુમાર દતા**

હિન્દુ, એડલ્ટ, ધંધો:– વેપાર,

ઠે. "કુબેર", ૨–પટેલ કોલોની, લાલ પેલેસ એરીયા,

પોરબંદર. **::: તે ઓફીસ/દુકાન વેચનાર**

(હવે પછી અહીં જેમનો ઉલ્લેખ બીજા પક્ષકાર **(Promoter)** અથવા વિકાસકર્તા તરીકે ઉલ્લેખ કરવામાં આવશે) (જે શબ્દ પ્રયોગ **(Expression)** માં જો તે સંદર્ભ અથવા અર્થથી વિરૂધ્ધ ન હોય તો તે શબ્દોમાં ઉત્તરાધીકારી, વહીવટકર્તા, પ્રબંધક, પરવાનગી આપેલ એસાઈની સહિત તમામનો સમાવેશ થશે.)

પ્રમોટર–વિકાસકર્તા તથા ખરીદનારને સંયુકત રીતે **"પક્ષકારો"** તથા વ્યકિતગત રીતે **"પક્ષકાર"** તરીકે ઓળખવામાં આવશે.

જત તમો ઓફીસ/દુકાન ખરીદનાર જોગ અમો ઓફીસ/દુકાન વેચાણ આપનાર (પ્રમોટર) આ ઓફીસ/દુકાનનો કબજા વગરનો વેચાણ કરાર નીચેની વિગતે અને શરતોએ કરી આપીએ છીએ :–

**(ક)** ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના, સબ ડીસ્ટ્રીકટ રાજકોટના, રાજકોટ શહેરમાં રાજકોટ મ્યુ. કોર્પોરેશનની હદમાં સમાવિષ્ટ થયેલ ગામ **નાનામવા** ના રેવન્યુ સર્વે નં.**૭૩/૭૫** પૈકીની રહેણાંકના હેતુ માટેની બીનખેતી જમીનના પ્લોટસ પૈકી સબ પ્લોટ નં.**૭૪/એ** ની જમીન ચો.મી.આ.**૨૭૭–૮૪** તથા સબ પ્લોટ નં.**૭૪/બી** ની જમીન ચો.મી.આ.**૮૪–૨૫** તથા સબ પ્લોટ નં.**૭૪/સી** ની જમીન ચો.મી.આ.**૮૪–૨૬** મળી કુલ જમીન ચો.મી.**૪૪૬–૩૫** અમો ઓફીસ વેચનારના પીતાશ્રી શ્રી પ્રદિપ નટવરલાલ દતાએ તેઓ જોગ **શ્રી સવિતાબેન ભીખાભાઈ વિરાણી** વિગેરેએ કરી આપેલ વેચાણ દસ્તાવેજ અ.નં.**૩૩૧૫ તા.૩૦–૬–૨૦૧૮** થી ખરીદ કરેલ છે. ત્યારથી સદરહું પ્રોજેકટવાળી જમીન વિકાસકર્તા/પ્રમોટર શ્રી પ્રદિપ નટવરલાલ દતાના સ્વતંત્ર કબજા, ભોગવટા અને માલીકીની આવેલ છે. તેમાં વિકાસકર્તા/પ્રમોટર સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી. સદરહું મીલ્કતનું વર્ણન (જેને હવે પ્રોજેકટ વાળી જમીન કહેવાશે) આ નીચે પરિશિષ્ટ–૧ માં આપેલ છે.

**(ખ)** સદરહું જમીન ખરીદ કર્યા બાદ ઉપરોકત જમીન ઉપર કોમર્શીયલ હેતુ માટેના બિલ્ડીંગનું બાંધકામ કરવા માટે વિકાસકર્તા/પ્રમોટર શ્રી પ્રદિપ નટવરલાલ દતા એ રાજકોટ મ્યુ. કોર્પો.ની કચેરીમાંથી બાંધકામ પરવાનગી નં.**૯૯૨ તા.૭–૨–૨૦૧૯** થી મેળવી મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાન મુજબ બાંધકામ કરેલ છે અને બાંધકામ પુર્ણ થતા રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનની કચેરીમાંથી મકાન વપરાશ અંગેનું પ્રમાણપત્ર નં.**૧૧૩૧૭ તા.૨૭–૨–૨૦૨૦** થી મેળવેલ છે.

**(ગ)** પ્રમોટર આ પરિયોજના/પ્રોજેકટનું બાંધકામ કરવા માટે સંપુર્ણ રીતે અધિકૃત તથા સક્ષમ છે. તે મીલકત સબંધીત પ્રમોટરના હક્ક, ઈલાખા તથા હક્ક, હિત સબંધીત તમામ કાયદાકીય જરૂરીયાત સંપુર્ણ રીતે પુરી કરવામાં આવી છે. સદરહું આ પરિયોજના/પ્રોજેકટમાં મંજુર થયેલ બિલ્ડીંગ પ્લાનમાં દર્શાવ્યા મુજબ **ગ્રાઉન્ડ** ફ્લોરમાં **એક** દુકાન પર્સનલ ટોયલેટ, **પહેલા** માળે **એક** દુકાન પર્સનલ ટોયલેટ, **બીજા** માળે ૬ ઓફીસો, બે–ઓપન ટેરેસ તથા **ત્રીજા** માળથી **છઠ્ઠા** માળ સુધી દરેક માળે **૬–૬** ઓફીસો તથા **સાતમા** માળે **૪** ઓફીસો, બે–ઓપન ટેરેસ એમ

મળી કુલ **૨** દુકાનો તથા **૩૪** ઓફીસોનું બાંધકામ કરેલ છે અને બાંધકામ પુર્ણ થતા રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનની કચેરીમાંથી મકાન વપરાશ અંગેનું પ્રમાણપત્ર નં.**૧૧૩૧૭ તા.૨૭–૨–૨૦૨૦** થી મેળવેલ છે. સદરહું ઉપરોકત પરિયોજના/પ્રોજેકટને વિકાસકર્તા/પ્રમોટરએ ""**કુબેર કષ્ટભંજન**"" નામ આપેલ છે. સદરહું ઉપરોકત ""**કુબેર કષ્ટભંજન**"" પરિયોજના/પ્રોજેકટનું વર્ણન આ વેચાણ કરારના **પરિશિષ્ટ–"૧"** માં દર્શાવવામાં આવેલ છે.

**(૩)** સદરહું પ્રોજેકટ(પરીયોજના)ની વિકાસકર્તા/પ્રમોટરએ **રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ–૨૦૧૬** ની જોગવાઈ હેઠળ નોંધણી કરાવવા માટે અરજી કરતા સદરહું પ્રોજેકટ(પરીયોજના)ની સેક્રેટરી ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી**(RERA)**એ તેમના રજી.નં.PR/GJ/RAJKOT/RAJKOT/Others/CAA05764/200719 **તા.૨૦–૭–૨૦૧૯** થી નોંધણી કરેલ છે અને તે અંગેનું રજીસ્ટ્રેશનનું સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ છે. જેની નકલ આ વેચાણ કરારની સાથે જોડેલ છે.

ત્યારબાદ વિકાસકર્તા/પ્રમોટર અમારા પીતાશ્રી પ્રદિપ નટવરલાલ દતાનું **તા.૩૦–૮–૨૦૨૦** ના રોજ અવસાન થતા સદરહું ઉપરોકત મીલ્કતનું તેમના વારસદાર દરજજે અમો ઓફીસ/દુકાન વેચનારએ રાજકોટ બીજા એડીશનલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં.**૬૩૯/૨૦૨૦** દાખલ કરી**તા.૩૦–૭–૨૦૨૧** ના રોજ અમારા નામનું હેરશીપ સર્ટીફીકેટ(વારસા સર્ટીફીકેટ) મેળવેલ છે. સદરહું મીલ્કત અમારા નામે રેવન્યુ રેકર્ડ ગામનો નમુનો નં.૨ માં અ.નં.**૪૦૮૨** થી દાખલ થયેલ છે. ત્યારથી સદરહું મીલ્કત અમારા સ્વતંત્ર કબજા, ભોગવટા અને માલીકીની આવેલ છે. તેમાં અમારા સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત કે હિસ્સો નથી.

**(ચ)** એલોટીએ માંગણી કરવાથી પ્રમોટરે પ્રોજેકટની જમીન/બાંધકામ પ્લાન યોજના, નિર્દીષ્ટ હકીકતો **(Specification)** જે પ્રમોટરના આર્કીટેકટ **સતીષ મહેતા**(કન્સ.એન્જી.) તથા **કલ્પેશ જે.સતાસીયા**(સ્ટ્રકચર એન્જી.) દ્વારા તૈયાર કરવામાં આવેલ છે, તથા રીયલ એસ્ટેટ(રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ–૨૦૧૬ તથા તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો તથા નિયમનો એલોટીને તપાસવા દેવામાં આવેલ છે, **તથા એલોટીને તે બાબતે સંપુર્ણ સંતોષ થયેલ છે.**

**(છ)** તદુપરાંત જે પ્રોજેકટ જમીન ઉપર કોમર્શીયલ માટેના બિલ્ડીગનું બાંધકામ કરેલ છે તેનાં માલીકી બાબતે હક્ક ઈલાખા(ટાઈટલ)ની સ્થિતી દર્શાવતા પ્રોપર્ટીકાર્ડની અધિકૃત નકલો તથા પ્રમોટરના એડવોકેટ દ્વારા આપવામાં આવેલ ટાઈટલ રીપોર્ટ પ્રમાણપત્ર વિગેરેની અધિકૃત નકલો વિગેરે એલોટી દ્વારા તપાસવામાં આવેલ છે, **તથા એલોટીને તે બાબતે સંપુર્ણ સંતોષ થયેલ છે.**

**(જ)** પ્રમોટર દ્વારા સુચવવામાં આવેલ બિલ્ડીંગ પ્લાન/પ્રોજેકટ બાંધકામની અધિકૃત નકલો તથા જે રીતે બાંધકામની દરખાસ્ત થઈ છે તથા પ્રોજેકટ માટે જે ખુલ્લી જમીન રાખવામાં આવી છે તે રાજકોટ મહાનગરપાલીકા દ્વારા મંજુર થયેલ લે–આઉટ પ્લાન/બાંધકામ પ્લાનની અધિકૃત નકલોનું એલોટી દ્વારા નિરીક્ષણ કરવામાં આવે છે. **તથા એલોટીને તે બાબતે સંપુર્ણ સંતોષ થયેલ છે.** ખરીદ થનારા તથા એલોટી દ્વારા ઓફીસ/દુકાનના પ્લાનમાં નિર્દિષ્ટ હકીકત **પરિશિષ્ટ–"૨"** માં દર્શાવવામાં આવેલ છે.

**(ઝ)** પ્રમોટરે ઉપરોકત મંજુર થયેલ બાંધકામ પરવાનગી પ્રમાણે મંજુર થયેલ પ્લાન પ્રમાણે સુચિત પ્રોજેકટનું બાંધકામ કરેલ છે. તે નિયમસરનું બાંધકામ પુર્ણ થતા મકાન વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવવામાં આવેલ છે.

**(ટ)** એલોટીએ પ્રમોટર પાસેથી ""**કુબેર કષ્ટભંજન**"" ના નામથી ઓળખાતા કોમર્શીયલ હેતુ માટેના બિલ્ડીંગમાં ............ ફલોરમાં આવેલ ઓફીસ/દુકાન નં.......ખરીદ કરવા રૂબરૂ મળી જણાવેલ છે.

(ઠ) એલોટીને ""**કુબેર કષ્ટભંજન**"" ના નામથી ઓળખાતા કોમર્શીયલ હેતુ માટેના બિલ્ડીગમાં ............ ફલોરમાં આવેલ ઓફીસ/દુકાન નં....... જેનો કારપેટ એરીયા ક્ષેત્રફળ ચો.મી.આ...........વાળી ઓફીસ/દુકાન સાથે સહીયારૂ કવર્ડ પાર્કિંગ/કોમન પાર્કિંગ સહિતનો, લાગુ પડતા કાયદા મુજબ **"રેરા"** કાયદાની કલમ–**૨** નાં ખંડ એન મુજબ સહીયારી સુવિધામાં વરાડે પડતા હક્ક સહિત ફાળવવામાં આવેલ છે. સદરહું સંપુર્ણ મીલકતનું વર્ણન(જેને હવે પ્રોજેકટવાળી જમીન કહેવાશે) આ નીચે પરિશિષ્ટ–"**૧**" માં દર્શાવવામાં આવેલ છે તથા

પરિશિષ્ટ–"**૨**" માં ઓફીસ/દુકાનનું સંપુર્ણ વર્ણન દર્શાવવામાં આવેલ છે તથા એનેક્ષર–"**૩**" માં આ બિલ્ડીંગનો ફલોર પ્લાન જોડવામાં આવેલ છે.

ઉપરોકત જણાવેલ કારપેટ એરીયાનો અર્થ ઓફીસ/દુકાનના ચોખ્ખા વપરાશ યોગ્યનું ક્ષેત્રફળ છે. તેમાં આંતરીક ભાગલા પાડતી દિવાલના ક્ષેત્રફળનો સમાવેશ થશે. પરંતુ, તે ક્ષેત્રફળમાં તેમાં બહારની દિવાલો, કોમન એરીયા વિગેરેનો સમાવેશ નહી થાય તેમજ સુવાંગ વપરાશ માટેની બાલ્કની, ખુલ્લી અગાસી, સુવાંગ પાર્કિંગ ક્ષેત્રફળનો સમાવેશ નહી થાય.

**(ડ)** પક્ષકારો અરસ–પરસ ઉપરોકત બાબતની જાણકારીની પુષ્ટિ યા નિવેદન, રજુઆત તથા એક–બીજાની બાંહેધરી ઉપર આધાર રાખીને તથા આ કરારમાં જણાવેલ શરતો અને બોલીઓ અને લાગુ પડતા તમામ કાયદાનો અમલને આધીન રહીને નીચે જણાવેલ શરતો તથા બોલીઓ મુજબ વેચાણ કરાર કરવામાં આવે છે.

આ કરારમાં ઠરાવેલ તથા નક્કી થયેલ શરતો અને બોલીઓને અનુરૂપ તથા બંને પક્ષકારો વચ્ચે અરસ–પરસ સમજુતી પ્રમાણે પ્રમોટર ઓફીસ(તે સાથે પાર્કિંગના સહીયારા હક્ક સહિત) વેચાણ કરવા તથા એલોટી ઉપરોકત ફકરા–"**ઠ**" માં દર્શાવેલ વિગતે ખરીદ કરવા કરાર કરે છે. સદરહું રેરા કાયદાની કલમ–**૧૩** હેઠળ કરાર સહી કરીને તેની **નોંધણી ધારા–૧૯૦૮** હેઠળ નોંધણી કરવાની છે.

તેથી હવે આ નીચે જણાવ્યા પ્રમાણેની અરસ–પરસ રજુઆત, શરતો, ખાત્રી વચન તથા અત્રે સમાવિષ્ટ થયેલ છે તે તથા અન્ય યોગ્ય વિચારણા હેઠળ બાબતોને ધ્યાનમાં લઈને બંને પક્ષકારો નીચે મુજબ કબુલ થાય છે.

**–: <u>શરતો</u> :–**

**(૧.૧)** આ કરારમાં વિગતવાર દર્શાવેલ શરતો અને બોલીઓને આધીન ઉપરોકત ફકરા–"**ઠ**" માં દર્શાવેલ ઓફીસ/દુકાન વેચાણ કરવા પ્રમોટર કબુલ થાય છે, તથા ખરીદ કરવા માટે એલોટી કબુલ થાય છે. જેનું જમીન સહિત બિલ્ડીંગનું પરિશિષ્ટ–"**૧**" માં સંપુર્ણ વર્ણન આપેલ છે, તથા પરિશિષ્ટ–"**૨**" માં ઓફીસ/દુકાનના ફલોર પ્લાનનું વર્ણન કરવામાં આવેલ છે તથા પરિશિષ્ટ–"**૩**" માં સામાન્ય વિસ્તાર, સામાન્ય સુવિધાઓ તથા સગવડતાઓનું વર્ણન આપેલ છે. ઓફીસ/દુકાનની કિંમતની ગણત્રીમાં જમીનની કિંમત, (ઓફીસ સહિત)બાંધકામના ખર્ચનો, બિલ્ડીંગમાં આવેલ કોમન(સામાન્ય) વિજળીકરણ વિગેરે તથા પ્રોજેકટમાં

સામાન્ય વિસ્તારમાં પુરી પાડવામાં આવતી અન્ય અગ્નિશામક સુવિધાઓ તથા તમામ સામાન્ય સુવિધા તથા સગવડતાઓના(બેઝીક કોમન ફેસીલીટી અને એમીનીટીઝ) ખર્ચનો સમાવેશ થશે.

**<u>પરંતુ એલોટી પોતાની ઓફીસ/દુકાનમાં વિજળી જોડાણ તથા પાણી જોડાણ પોતે પોતાના ખર્ચે પોતાના નામે ડીપોઝીટ ભરી મેળવશે અને જો પ્રમોટરએ તે રકમ ચુકવીને જોડાણ લીધા હોય તો એલોટી તે તમામ રકમ વેચાણ દસ્તાવેજ થતા પહેલા પ્રમોટરને ચુકવી આપશે.</u>**

**(૧.૨)** કારપેટ એરીયા આધારીત ઓફીસ/દુકાનના કારપેટ એરીયા ચો.મી............ ની કુલ કિંમત રૂ.................અંકે રૂપીયા ............................... પુરા થાય છે જે પ્રમોટર પાસેથી ખરીદવા એલોટી કબુલ થાય છે. સદરહું ઓફીસ/દુકાન સાથે આપવામાં આવેલ સહીયારા કવર્ડ પાર્કિગ/કોમન પાર્કિગની કોઈપણ જાતની વધારાની રકમ એલોટીએ પ્રમોટરને અલગથી ચુકવવાની થતી નથી જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

**(૧.૩)** સંપુર્ણ કિંમત વધારા મુકત છે. પરંતુ અપવાદ રૂપે જે વધારો સક્ષમ સત્તાધિકારી દ્વારા વિકાસ ચાર્જનાં કારણે હોય અને અથવા વખતો વખત જે અન્ય ચાર્જ સક્ષમ સત્તાધિકારી દ્વારા વસુલ કરવામાં આવે યા લાદવામાં આવે તેવા કારણોસરનો વધારો આથી એલોટીએ ચુકવવાનું કબુલ કરેલ છે. પ્રમોટર બાંહેધરી આપે છે કે અને કબુલ કરે છે કે એલોટી પાસેથી ડેવલપમેન્ટ ચાર્જનો વધારો કે સક્ષમ સત્તાધિકારી દ્વારા લાદવામાં આવેલ ખર્ચ કે ચાર્જની માંગણી કરવામાં આવે ત્યારે પ્રમોટર જણાવેલ જાહેરાત, હુકમ, નિયમ અથવા નિયમનની નકલો એલોટીને માંગણીપત્ર સાથે સામેલ કરશે તથા તે ત્યારબાદની ચુકવણીને લાગુ પડશે.

**(૧.૪)(ક) <u>એલોટીએ આ કરારમાં સહી કરતી વખતે એડવાન્સ તરીકે નીચેની વિગતે રકમ(૧૦% કરતા વધારે નહિ) પ્રમોટરના નામના ચેકથી ચુકવેલ છે.</u>**

એડવાન્સ તથા અવેજની રકમ **રૂ............** અંકે રૂપીયા ............... પુરા ........................બેંકના ચેક નં............... **તા**............... થી ચુકવેલ છે. બાકી રહેતા અવેજની રકમ એલોટીએ પ્રમોટરને વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરી આપતા પહેલા ચુકવી આપવાની રહેશે.

**MODE OF PAYMENT :- ચુકવણીની પધ્ધતી :–**

કરારની શરતોને આધીન રહીને તથા પ્રમોટરે બાંધકામની મર્યાદાને આધીન રહીને પ્રમોટર દ્વારા માંગણી થયેથી તથા પેમેન્ટ પ્લાનમાં કે **"રેરા"** નાં સ્લેબ મુજબ ઠરાવેલ સમય મર્યાદામાં એલોટી તમામ ચુકવણી કરશે. તમામ ચુકવણી એકાઉન્ટ પેઈ ચેક/ડ્રાફ્ટ દ્વારા અથવા(લાગુ પડે તે મુજબ)**શ્રી તપન પ્રદિપકુમાર દતા** ની તરફેણમાં **રાજકોટ** મુકામે ચુકવવાપાત્ર રહેશે.

પરંતુ, જો એલોટી ચુકવવા પાત્ર રકમ ચુકવવામાં ઢીલ કરશે તો પ્રમોટરને ચુકવવાપાત્ર વ્યાજનો દર ભારતીય રિઝર્વ બેંકના વિદ્યમાન આદેશો પ્રમાણે એટલે કે માર્જીનલ કોસ્ટ ઓફ લેન્ડીંગ રેટ(MCLR), સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા પ્રાઈમ લેન્ડીંગ રેટ ઉપરાંત **૨ %** ટકા જેટલો રહેશે.

**(૧.૪)(ખ)** કુલ અવેજની રકમ ઉપરાંત તમામ પ્રકારનાં ટેક્ષ, જે સમયે એલોટી રકમ ચુકવે તે સમયે પ્રવર્તમાન દર મુજબ **જી.એસ.ટી.** તથા અન્ય કરવેરા જે પ્રમોટરને બાંધકામ સબંધીત ચુકવવાના હોય તે પ્રમોટર કહે તે પ્રમાણે એલોટીએ જુદા ચુકવવાના રહેશે. તમામ પ્રકારના બાંધકામ સબંધીત કરવેરાનો ઓફીસ/દુકાનની વેચાણકિંમતમાં સમાવેશ નહી થાય.

**(૧.૫)** પ્રમોટરે જડીત વસ્તુ(ફીક્ષચર) ફીટીંગ એમેનીટીઝ વિગેરે **એનેક્ષર–"૨"** માં આપેલ છે. પરંતુ, પ્રમોટર કાયદાની જોગવાઈને આધીન રહીને સાધારણ ફેરફાર કે પરિવર્તન કરશે અથવા એલોટીને જરૂર જણાય તે મુજબ સામાન્ય ફેરફાર કે પરિવર્તન કરી શકશે. ફલોરીંગ તથા સેનેટરી ફીટીંગ તથા અન્ય સુવિધાઓની સામગ્રી પ્રમોટર પોતાની વિવેક બુધ્ધિ પ્રમાણે તથા આઈ.એસ.આઈ. નાં માનસ પ્રમાણે ઉપયોગ કરશે.

**(૧.૬)** બાંધકામ પુર્ણ થયા બાદ એલોટીને સોંપવામાં આવેલ આખરી કારપેટ એરીયાની પ્રમોટર પુષ્ટિ કરશે, તથા **૩** % ની મર્યાદામાં રહીને ફેરફારની વિગત પુરી પાડયા બાદ સક્ષમ અધીકારી(રૂડા અથવા રાજકોટ મ્યુની. કોર્પો.) દ્વારા ઓકયુપન્સી પ્રમાણપત્ર(કંમ્પલીશન સર્ટીફીકેટ) આપવામાં આવશે. કારપેટ એરીયાની પ્રમોટર દ્વારા પુષ્ટિ થયા બાદ સંપુર્ણ કિંમતની ફેરગણત્રી કરવામાં આવશે. કારપેટ એરીયાની ચુકવવાપાત્ર કુલ કિંમતની પ્રમોટર દ્વારા કન્ફર્મ થયા બાદ કારપેટ એરીયાની ચુકવવાપાત્ર કિંમતમાં ફેરગણત્રી કરવામાં આવશે. જો ઠરાવેલ મર્યાદા કરતાં ઓછો કારપેટ એરીયા હશે તો પ્રમોટર નિયમમાં ઠરાવ્યા પ્રમાણે વ્યાજનો દર ભારતીય રિઝર્વ બેંકના વિદ્યમાન આદેશો પ્રમાણે એટલે કે માર્જીનલ કોસ્ટ ઓફ લેન્ડીંગ રેટ(MCLR), સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા પ્રાઈમ લેન્ડીંગ રેટ ઉપરાંત **૨ %** જેટલો પીસતાલીસ દિવસની મર્યાદામાં વધારાની વસુલાત કરેલ રકમ વ્યાજ સહિત પરત કરશે. એલોટીને એલોટ કરેલ કારપેટ એરીયામાં વધારો હશે તો પ્રમોટર ચુકવવાની યોજના હેઠળ ત્યાર પછીનાં હપ્તામાં તે માંગણી કરશે. આ તમામ નાણાંકીય ગોઠવણી કરારનાં ખંડ નં.**(૧.૪)** માં કબુલ કર્યા મુજબ કરવામાં આવશે.

**નોંધઃ કંમ્પલીશન સર્ટીફીકેટ આવી ગયેલ હોય આ પેરેગ્રાફ લાગુ પડતો નથી.**

**(૧.૭) પ્રમોટર દ્વારા એવી સ્પષ્ટતા કરવામાં આવે છે તથા એલોટી દ્વારા કબુલ કરવામાં આવે છે કેઃ–**

**(એ)** ઓફીસ/દુકાનની સંપુર્ણ માલીકી વેચાણ દસ્તાવેજ થયા બાદ એલોટીની રહેશે.

**(બી)** સામાન્ય સુવિધામાં તથા સામાન્ય વિસ્તારમાં, કોમન પાર્કિંગ તે સહિત(ઓફીસ/દુકાન)ને તમામ હેતુ માટે અવિભાજય એકમ તરીકે સમજવામાં આવશે. એવું કબુલ કરવામાં આવે છે કે આ પ્રોજેકટ, જમીન સહિતનો એક સ્વતંત્ર, સ્વયં પર્યાપ્ત પ્રોજેકટ છે તે તમામ હેતુ માટે અવિભાજીત પ્રમાણસર હક્ક એલોટીનો હક્ક જે અવિભાજય છે તે વિભાજીત કે અલગ થઈ શકશે નહી.

**(૧.૮)** પ્રમોટર દ્વારા સહકારી મંડળીનાં કાયદા હેઠળ/કંપનીના કાયદા હેઠળ /એસોસીએશનની/મંડળીની પ્રમોટર જે નામ આપે તે મુજબ સંસ્થાની નોંધણી માટે કાર્યવાહી કરવામાં આવે ત્યારે તથા તેની રચના માટે અરજી/ડેકલેરેશન દરખાસ્ત અથવા અન્ય જરૂરી કાગળો સભ્યપદ માટે તથા નોંધણી માટે એલોટીને મોકલવામાં આવે ત્યારે તેણે તમામ અરજી/સોગંદનામા તથા અન્ય જરૂરી તમામ દસ્તાવેજો **સાત** દિવસમાં સહી કરીને પ્રમોટરને પરત કરવાના રહેશે. જેથી પ્રમોટર તે અરજી વિગેરે એલોટીના સામાન્ય સંસ્થાની નોંધણી માટે યોગ્ય સમયમાં રજુ કરી શકે, અન્ય સક્ષમ સત્તાધિકારી દ્વારા મુસદારૂપી બાયલોઝ, નિયમ કે નિયમનમાં ફેરફાર કરવામાં આવે તો એલોટી તેમાં વાંધા તકરાર લઈ શકશે નહી.

**(૧.૯)** પ્રમોટરે એલોટી પાસેથી જે ખર્ચની ચુકવણી(જેવી કે જમીન ખર્ચ, જમીન, ભાડું, મ્યુનિસિપલ અથવા અન્ય સ્થાનિક કરવેરા, વોટર તથા વિજળીના ચાર્જ, મેઈન્ટેનન્સ ચાર્જ, ગીરો લોન અને ગીરો ઉપર વ્યાજ તથા અન્ય બોજાઓ અને સક્ષમ સત્તાધિકારીને બેંક અથવા નાંણાકીય સંસ્થાને ચુકવવાપાત્ર જવાબદારીઓ જે પ્રોજેકટ સબંધી હોય) વિગેરે તમામ ખર્ચાઓ જે તેણે એલોટી પાસેથી એકઠા કર્યા હોય તે તમામ ખર્ચાઓ ઓફીસનો કબજો તબદીલ કરતા પહેલા ચુકવી આપવા માટે પ્રમોટર કબુલ થાય છે. જો પ્રમોટર એલોટી પાસેથી એકઠા કરેલ ખર્ચની રકમ અથવા કોઈ જવાબદારી, ગીરો લોન કે તેના પર વ્યાજ, તબદીલ કરતાં પહેલા ચુકવવા નિષ્ફળ જાય તો, પ્રમોટર કબુલ કરે છે કે, મીલ્કતની તબદીલ કર્યા પછી પણ તે તેવાં પ્રકારનાં ખર્ચ, દંડનીય ચાર્જ(જો હોય તો) જે સત્તાધીકારીને ચુકવવાપાત્ર હોય તે ચુકવશે અને તેવી સક્ષમ સત્તાધીકારી કે વ્યકિત જે કાયદાકીય કાર્યવાહી કરે તેને માટે તે જવાબદાર રહેશે.

**(૦૨) ADJUSTMENT/APPROPRIATION OF PAYMENT :–**

પ્રમોટરએ તમામ ચુકવેલ રકમ એલોટી પાસે વ્યાજબી રીતે લેણા પાત્ર હોય તે રકમ કોઈપણ સદર હેઠળ વસુલ કરવા/સરભર કરવા માટે એલોટી આથી પ્રમોટરને અધિકૃત કરે છે. પ્રમોટર પોતાની વિવેકબુધ્ધિ અનુસાર તે રકમ કોઈપણ સદર હેઠળ સરભર/વસુલ કરી શકશે તે બાબત એલોટી કોઈ વાંધો/માંગણી/અથવા સુચના આપી શકશે નહી.

**(૦૩) TIME IS ESSENCE** સમયએ અગત્યનું સત્વ છે.

પ્રમોટર તેમજ એલોટી માટે સમયએ મુખ્ય સત્વ છે. પ્રમોટર સમય પત્રકને વળગી રહીને પ્રોજેકટ પરિપુર્ણ કરશે અને ઓકયુપન્સી પ્રમાણપત્ર અથવા કંમ્પ્લીશન સર્ટીફીકેટ મળ્યા બાદ(જે લાગુ પડે તે મુજબ)એલોટીને ઓફીસ/દુકાનનો તેમજ એલોટીના એસોસીએશનને સામાન્ય સુવિધાના વિસ્તારની સોંપણી કરી આપશે. તેવી જ રીતે એલોટી પણ હપ્તા તેમજ અન્ય દેવાપાત્ર રકમ તથા કરાર હેઠળ જવાબદારી પણ બાંધકામ પુરૂ થયાની સાથે જ તમામ રકમ ખંડ નં.**(૧.૪)(ક)** ની જોગવાઈ મુજબ ચુકવી આપશે.

પરંતુ, જો મકાન પુરૂ થઈ ગયું હોય તથા ઓકયુપન્સી પ્રમાણપત્ર અથવા કંમ્પ્લીશન સર્ટીફીકેટમાં સરકારી વહીવટ કારણોસર ઢીલ થાય તેમ હોય તો પ્રમોટર એલોટીને કબજો સંભાળવા જાણ કરશે, ત્યારે એલોટી કબુલ કરે છે કે તે તમામ અવેજ તથા અન્ય ચાર્જ ટેક્ષ વિગેરે ચુકવીને વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. પ્રમોટર કબુલ કરે છે કે, ત્યારબાદ વહેલી તકે ઓકયુપન્સી પ્રમાણપત્ર અથવા કંમ્પ્લીશન સર્ટીફીકેટ મેળવશે.

**(૦૪) CONSTRUCTION OF THE PROJECT/OFFICE :–**

**પ્રોજેકટ/ઓફીસ/દુકાનનું બાંધકામ :–**

"પ્રમોટર આથી જાહેર કરે છે કે પ્રોજેકટની જમીનના સબંધમાં મંજુર થયેલ બિલ્ડીગ પ્લાન મુજબ કુલ ફલોર સ્પેસ ઈન્ડેકસ(**FSI-Floor Index**)**૧૦૬૭–૮૦** ચો.મી.ના ફલોર સ્પેસ ઈન્ડેકસનો ઉપયોગ કરવાનું આયોજન કરેલ છે. પ્રમોટરએ સદરહું પ્રોજેકટમાંની પ્રોજેકટની જમીન ઉપર પોતે લાભ લેવા **૧૦૬૭–૮૦** ચો.મી.નો ફલોર સ્પેસ ઈન્ડેકસ(**FSI-Floor Index**) જાહેર કર્યો છે અને એલોટીએ પણ પ્રમોટરએ જાહેર કરેલ ફલોર સ્પેસ ઈન્ડેકસ(**FSI-Floor Index**)નો લાભ મેળવીને પ્રમોટરએ કરવાના બિલ્ડીગના બાંધકામને વેચાણના આધારે અને જાહેર કરેલો ફલોર સ્પેસ ઈન્ડેકસ (**FSI-Floor Index**)નો લાભ ફકત પ્રમોટરને મળેલ છે તેવી સમજુતીના આધારે સદરહું ફલેટ ખરીદવાનું કબુલ કરેલ છે. ભવિષ્યના એફ.એસ.આઈ.ના વધારામાં અમો પ્રમોટરનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો કે દરદાવો રહેશે નહી જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

**(૦૫) PROCEDURE FOR TAKING POSSESSION :–**

**ઓફીસ/દુકાનના કબજાની કાર્ય પધ્ધતી :–**

**(૫.૧) SCHEDULE FOR POSSESSION OF THE SAID OFFICE :–**

પ્રમોટર ઓફીસનો કબજો **તા.૩૧–૩–૨૦૨૧** ના રોજ અથવા તે પહેલા સોંપી આપશે. જો પ્રમોટર ઠરાવેલ સમય(શેડયુલ)પ્રમાણે પ્રોજેકટ સંપુર્ણ કરવામાં તથા એલોટીને ઓફીસનો કબજો સોંપવામાં નિષ્ફળ નિવડે તથા એલોટીને જો તે પ્રોજેકટમાંથી પોતાની ઓફીસ રદ ન કરવી હોય તો પ્રમોટર કબજો સોંપી આપે ત્યાં સુધી તેને મળેલી તમામ રકમ ઉપર જે તે સમયના ભારતીય રિઝર્વ બેંકના વિદ્યમાન આદેશો પ્રમાણે એટલે કે માર્જીનલ કોસ્ટ ઓફ લેન્ડીંગ રેટ(MCLR), સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા પ્રાઈમ લેન્ડીંગ રેટ ઉપરાંત **૨ %** ટકા જેટલો વ્યાજ દર મુજબ વ્યાજ ચુકવશે. તેમજ એલોટી પણ જો ચુકવણામાં ઢીલ કરે તો જે મુદતે રકમ ચુકવવાની હોય તે તારીખ પછી ભારતીય રિઝર્વ બેંકના વિદ્યમાન આદેશો પ્રમાણે એટલે કે માર્જીનલ કોસ્ટ ઓફ લેન્ડીંગ રેટ(MCLR), સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા પ્રાઈમ લેન્ડીંગ રેટ ઉપરાંત **૨ %** ટકાના વ્યાજ દર મુજબ વ્યાજ ચુકવવાનું રહેશે.

પરંતુ લડાઈ, અછત, અગ્નિ, સાયકલોન, ધરતીકંપ અથવા અન્ય કોઈ કુદરતી અકસ્માતના**(Force Majeure)** કારણે સ્થાવર મીલ્કતના પ્રોજેકટનો નિયમિત વિકાસ શકય ન હોય તેમજ સરકાર, કોઈ જાહેર સક્ષમ સત્તાધિકારી અથવા કોઈ કોર્ટની સુચના હુકમ, નિયમ કે જાહેરાતનાં કારણે પાલન**(Completion)** માં મોડુ થાય તેમ હોય તો એલોટી કબુલ કરે છે કે તો પ્રમોટર કબજાની સોંપણીના સમય માટે સમય મર્યાદામાં વધારો કરવા હક્કદાર રહેશે.

**નોંધઃ કંમ્પલીશન સર્ટીફીકેટ આવી ગયેલ હોય આ પેરેગ્રાફ લાગુ પડતો નથી.**

**(૫.૨)** સક્ષમ સત્તાધીકારી પાસેથી ઓકયુપન્સી પ્રમાણપત્ર(મકાન વપરાશનું પ્રમાણપત્ર) મેળવ્યા બાદ પ્રમોટર આ કરારની શરતો મુજબ પ્રમોટર **૩(ત્રણ)** મહીનાની અંદર ઓફીસ/દુકાનનો કબજો લેવા લેખીત સુચના(નોટીસ)આપશે અને **૧૫(પંદર)** દિવસમાં કબજો સંભાળી લેવાની લેખીત જાણ કરશે અને પ્રમોટર એલોટીને ઓફીસ/દુકાનનો કબજો સોંપી આપશે.

<u>પરંતુ મકાનનું સંપુર્ણ બાંધકામ થઈ ગયેલ હોય તથા માત્ર કમ્પ્લીશન/મકાન વપરાશનું પ્રમાણપત્ર બાકી હોય ત્યારે જો એલોટી કમ્પ્લીશન/મકાન વપરાશનું પ્રમાણપત્ર આવે તે પહેલા કબજો સંભાળી લેવા ઈચ્છા ધરાવે તથા તે મુજબ પ્રમોટરને લેખીત જાણ કરે ત્યારે એલોટીએ મેઈન્ટેનન્સની તમામ અનામતની તેમજ ચાલુ મેઈન્ટેનન્સ ચાર્જની રકમ જેવી કે જમીન ખર્ચ, જમીન ભાડું, મ્યુનીસીપલ અથવા અન્ય સ્થાનીક કરવેરા, વોટર તથા વિજળીના ચાર્જ તથા નોંધણી માટે જરૂરી સ્ટેમ્પ ડયુટી તથા નોંધણી ફી વકીલાત તથા અન્ય ખર્ચ પ્રમોટરને ચુકવી ત્યારબાદ દસ્તાવેજની નોંધણી કરાવીને અને ઓફીસ/દુકાનનો કબજો સંભાળી શકશે.</u>

**(૫.૩)** પ્રમોટરના ઉપર પ્રમાણે વ્યાજના હક્કને કોઈ હાની પહોંચાડયા સિવાય એલોટી દ્વારા ચુકવવાપાત્ર રકમ તેમજ પ્રમાણસર કરવેરાની રકમ વિગેરેનાં હપ્તા ચુકવવામાં **૩(ત્રણ)** વખત સતત ડીફોલ્ટ થશે તો પ્રમોટર પોતાની વિવેક બુધ્ધિ પ્રમાણે કરાર રદ કરી શકશે. ઉપરોકત દર્શાવ્યા મુજબ એલોટી દ્વારા કસુર થયાના કિસ્સામાં, પ્રમોટર એલોટીની ઓફીસ/દુકાનની ફાળવણી રદ કરશે અને બુકીંગ રકમ બાદ કરી બાકીની રકમ એલોટીને પરત કરશે અને આ કરાર તેમજ વ્યાજની જવાબદારી રદ થશે.

પરંતુ, તે પહેલા પ્રમોટર એલોટીને તેને આપેલ સરનામે રજી. ટપાલથી અથવા આપવામાં આવેલ ઈ–મેઈલ સરનામે **૧૫(પંદર)**દિવસની નોટીસ આપશે તથા શરતો તથા નિયમોના ભંગના કારણે તે કરાર રદ કરવાનો ઈરાદો જણાવશે. જો એલોટી પ્રમોટર દ્વારા જણાવેલ વચનોનાં ભંગ બાબતે જવાબ નહી આપે તો આવા નોટીસના સમય મર્યાદા બાદ તે આ કરાર રદ કરવા માટે હક્કદાર રહેશે. વધુમાં આ કરાર રદ થશે તો પ્રમોટર(કબુલ થયા પ્રમાણે નુકશાની તથા અન્ય હિસાબ સરભર કરવાપાત્ર રકમ જે એલોટી દ્વારા પ્રમોટરને દેવાપાત્ર હોય તેને આધીન રહી(તે રકમ બાદ કરી) કરાર રદ થયાના **૩૦(ત્રીસ)** દિવસમાં જે હપ્તા ચુકવાયા હોય તે તમામ રકમ પરત કરશે.

એલોટી કબુલ થાય છે કે તથા કન્ફર્મ થાય છે કે પ્રમોટર દ્વારા કુદરતી આફતનાં કારણે પ્રોજેકટનો અમલ થઈ શકે તેમ ન હોય તો આ એલોટમેન્ટ રદ થયેલ સમજવામાં આવશે તથા પ્રમોટર તે(રદ થયાની)તારીખથી **૪૫(પીસતાલીસ)** દિવસમાં મેળવેલ સંપુર્ણ રકમ એલોટીને પરત કરશે. એલોટીએ ચુકવેલ રકમ પરત થયા બાદ, એલોટી કબુલ થાય છે કે તેનો પ્રમોટર વિરૂધ્ધ કોઈ હક્ક, દાવો વિગેરે રહેશે નહિ અને પ્રમોટર આ કરાર હેઠળની તમામ જવાબદારી તથા બાંહેધરીથી મુકત તેમજ છુટા થશે.

**નોંધ: કંમ્પલીશન સર્ટીફીકેટ આવી ગયેલ હોય આ પેરેગ્રાફ લાગુ પડતો નથી.**

**(૫.૪)CANCELLATION BY ALLOTTE :–**

કાયદાની જોગવાઈ પ્રમાણે એલોટીને પ્રોજેકટમાં થયેલ તેનું એલોટમેન્ટ રદ કરવા અથવા પરત ખેંચવા અધીકાર રહેશે.

પરંતુ, એલોટી કબુલ થાય છે તથા કન્ફર્મ કરે છે કે, જયારે પ્રમોટરની કોઈ ચુક કે ભુલ ન હોવાના કારણે એલોટી કરાર રદ કરવા અથવા પરત ખેંચવા દરખાસ્ત મુકે તો પ્રમોટર  એલોટમેન્ટ માટે ચુકવાયેલ સુથીની રકમ જપ્ત કરવા અધીકૃત રહેશે. સુથીની રકમ બાદ કરી બાકીની ચુકવાયેલ તમામ રકમ પ્રમોટર આ રદીકરણની તારીખથી **૪૫(પીસતાલીસ)** દિવસમાં પરત કરશે.

**(૦૬) FAILURE OF ALLOTEE TO TAKE POSSESSION OF OFFICE :– એલોટીની ઓફીસ/દુકાનનો કબજો લેવાની નિષ્ફળતા :–**

**(૬.૧)** ઓફીસ/દુકાન વપરાશ તથા કબજા માટે તૈયાર છે તેવી લેખીત જાણ થયાથી એલોટી જરૂરી ક્ષતીપુર્તી, બાંહેધરી અને આ કરારમાં ઠરાવ્યા મુજબના દસ્તાવેજો સહી કરીને એલોટી **૧૫(પંદર)** દિવસમાં ઓફીસ/દુકાનનો કબજો લેશે અને પ્રમોટર એલોટીને ઓફીસ/દુકાનનો કબ્જો સોંપી આપશે. જો કોઈ કિસ્સામાં એલોટી કબજો લેવામાં નિષ્ફળ જાય તો જોગવાઈ પ્રમાણે એલોટીની **૧૫(પંદર)** દિવસ બાદ લાગુ પડતા મેઈન્ટેનન્સ ચાર્જ ચુકવવાની જવાબદારી ચાલુ થશે.

જયારે ઓફીસ/દુકાન વપરાશ તથા કબજા માટે તૈયાર હોય ત્યારે પ્રમોટર એલોટીને પ્રોજેકટની જમીનના મહેસુલ તથા તમામ પ્રકારના ઓફીસ/દુકાનના હિસ્સામાં આવતા પ્રમાણસરના ચુકવવાપાત્ર જે હોય તે ચુકવવા માટે એલોટીને

નોટીસ આવ્યાની તારીખથી **૧૫(પંદર)** દિવસમાં રકમ એલોટી પ્રમોટરને ચુકવી આપશે. એસોસીએશન અથવા સોસાયટીની રચના થાય ત્યાં સુધી તે સામાન્ય ખર્ચ ચુકવશે. પ્રમોટરને ચુકવેલ રકમ પ્રમોટરની પાસે રહેશે તથા એસોસીએશન અથવા મંડળીની રચના થયેથી પ્રમોટર તેને તબદીલ કરી દેશે. પ્રમોટર આ રકમ દર મહીને તેને થયેલ ખર્ચના પ્રમાણેની રકમ મુજબ વસુલ કરશે તેમજ અન્ય કોઈ ચુકવવાપાત્ર સામાન્ય ખર્ચની રકમ હોય તે પણ વસુલ કરી શકશે.

**(૬.૨) POSSESSION BY THE ALLOTTE :–**

એલોટી દ્વારા કબજો લેવા બાબત, મકાન વપરાશ અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ તથા એલોટીને ઓફીસ/દુકાનનો કબજો સોંપી આપ્યા બાદ પ્રમોટરની જવાબદારી રહેશે કે તે તમામ જરૂરી કાગળો, પ્લાન, સામાન્ય વિસ્તાર (કોમન એરીયા) સહિત એલોટીના એસોસીએશનને અથવા જે લાગુ પડતું હોય તે મુજબ સ્થાનીક કાયદા પ્રમાણે સક્ષમ સત્તાધીકારીને સોંપી આપશે.

**(૦૭) REPRESENTATIONS AND WARRANTIES OF THE PROMOTER :– પ્રમોટર દ્વારા રજુઆત તથા ખાત્રી :–**

પ્રમોટર આથી રજુઆત કરે છે તથા ખાત્રી આપે છે.

**(એ)** પ્રમોટર પાસે જમીનનાં સંપુર્ણ ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ છે, તથા જમીનનો વિકાસ કરવા માટે તમામ જરૂરી અધીકાર ધરાવે છે, તથા તેમજ પ્રમોટર પ્રોજેકટની જમીનનો સુવાંગ તથા ખરેખર સ્વતંત્ર તથા કાયદેસરનો કબજો ધરાવેછે.

**(બી)** પ્રમોટરે પ્રોજેકટનાં વિકાસ કરવા માટે સક્ષમ સત્તાધીકારી પાસેથી કાયદેસરનાં હક્ક તેમજ જરૂરી મંજુરીઓ મેળવેલ છે તથા પ્રોજેકટને પુર્ણ કરવા સમયે જરૂરી મંજુરીઓ મેળવશે.

**(સી)** જમીન કે પ્રોજેકટ ઉપર કોઈપણ પ્રકારનો બોજો **(Encumbrance)** નથી.

**(ડી)** જમીન, પ્રોજેકટ અથવા ઓફીસ કે પ્લોટ સબંધીત કોઈ કાનુની કાર્યવાહી કે મુકદમો કાયદાની કોઈપણ અદાલતમાં પડતર નથી.

**(ઈ)** પ્રોજેકટ સબંધીત સક્ષમ અધીકારીએ આપેલ તમામ મંજુરી લાયસન્સ, પરમીટ માન્ય છે તથા અમલી છે તથા કાનુની રીતે યોગ્ય પ્રક્રીયા દ્વારા મેળવેલ છે. વધુમાં પ્રમોટર હંમેશા પ્રોજેકટ તથા સામાન્ય વિસ્તારને લાગુ પડતા તમામ કાયદાનું અનુપાલન કરી રહયા છે તથા હંમેશા કરશે.

**(એફ)** પ્રમોટરને આ કરાર કરવા માટે અધીકાર છે, અને તેણે કોઈપણ એવું કાર્ય કરેલ નથી અથવા એવું કોઈ કાર્ય કે બાબત કરવા ચુક કરી નથી. જેનાથી આ કરારથી એલોટીના ઉત્પન્ન થયેલ હક્ક, ઈલાખા તથા હિતને બાધ આવે કે પુર્વ ગ્રહ ઉત્પન્ન થાય.

**(જી)** પ્રમોટરે આ પ્રોજેકટનો સમાવેશ થાય તે જમીન સબંધી કોઈપણ વ્યકિત કે પક્ષકાર સાથે વેચાણનો કરાર/વિકાસ કરાર કે વેચાણ, કોઈ અન્ય કરાર કે વ્યવસ્થા કરેલ નથી. જેથી આ કરાર હેઠળનાં એલોટીના ઉકત ઓફીસ/દુકાન સબંધી હક્કોને અસર થાય કે હાની થાય.

**(એચ)** આ કરાર હેઠળ વિચારણા કરેલ ઓફીસ/દુકાન એલોટીને વેચાણ કરવા અંગે પ્રમોટરને કોઈ જાતનું બંધન નથી. તેવી પ્રમોટર આથી ખાત્રી આપે છે.

**(આઈ)** વેચાણ દસ્તાવેજ કરતી વખતે પ્રમોટર, આ ઓફીસ/દુકાનનો કાયદેસરનો, ખાલી તથા શાંત રીતે પ્રત્યક્ષ કબજો એલોટીને તથા સામાન્ય વિસ્તારનો કબજો એલોટીના એસોસીએશનને સોંપી આપશે.

**(જે)** એલોટીના એસોસીએશન દ્વારા પ્રોજેકટની જાળવણી સાચવણી લઈ લેવામાં ન આવે ત્યાં સુધી પ્રોજેકટમાં જરૂરી સેવા પુરી પાડવા માટે તથા તેની જાળવણી સાચવણી માટે પ્રમોટર જવાબદાર રહેશે.

**(કે)** પ્રમોટરે, સરકારી માંગણું, દેણગી(ચાર્જ) કરવેરા તથા અન્ય રકમ લેવી, ભારણ, પ્રીમીયમ, ડેમેજ અને/અથવા દંડ તથા તમામ પ્રકારના ખર્ચાઓ વિગેરે જે કોઈ પ્રોજેકટ સબંધી ચુકવવાપાત્ર થાય તે સક્ષમ સત્તાધીકારીને ચુકવી આપેલ છે તેમજ દસ્તાવેજની તારીખ સુધી ચુકવવાનું ચાલુ રાખશે.

**(એલ)** આ જમીન અથવા પ્રોજકેટ સબંધીત સરકાર અથવા અન્ય કોઈ સ્થાનીક મંડળ કે સત્તાધીકારી અથવા કોઈ ધારાકીય કાયદા કે સરકારી ઓર્ડીનન્સ હુકમ, જાહેરાત(સદર મીલ્કત સંપાદીત અથવા અધીગ્રહણની કોઈપણ નોટીસ સહિત) પ્રમોટરને સરકાર તરફથી કોઈ નોટીસ મળેલ નથી.

**(૦૮)** એલોટી પોતે આથી કબુલ કરે છે તથા ખાત્રી આપે છે કેઃ—

**(એ)** ઓફીસ/દુકાનનો કબજો સંભાળ્યા બાદ એલોટીએ કબજાની તારીખથી પોતાના ખર્ચે સારી તથા યોગ્ય રહેવા લાયક સમારકામ થઈ શકે તેવી સ્થિતિમાં રાખશે.

**(બી)** એલોટી પોતાની ઓફીસ/દુકાનમાં જોખમી તથા સળગી ઉઠે તેવા કોઈ પદાર્થ રાખશે નહી. એલોટીની બેદરકારી અથવા અવજ્ઞાનના કારણે મકાનના કોઈપણ સામાન્ય વપરાશનાં હિસ્સાને નુકશાન થાય તો તેની ક્ષતી માટે તથા તેના પરીણામ માટે એલોટી જવાબદાર રહેશે.

**(સી)**ઓફીસનાં આંતરીક સમારકામ તથા તેની યોગ્ય સ્થિતીમાં સાચવણી તેનાં પોતાના ખર્ચે કરશે તથા સબંધીત સ્થાનીક સત્તા કે સત્તાધીકારીના નિયમ, નિયમન વિગેરેનો ભંગ નહી થાય તેની કાળજી લેશે તેવા ભંગ માટે જે જવાબદારી રહેશે તથા નુકશાની ભરપાઈ કરી આપશે.

**(ડી)** ઓફીસ/દુકાનનો કબજો સંભાળ્યા બાદ એલોટીએ કબજાની તારીખથી ઓફીસને પોતાના ખર્ચે સારી તથા યોગ્ય રહેવા લાયક સમારકામ થઈ શકે તેવી સ્થિતીમાં રાખશે. ઓફીસ/દુકાનનો કબજો સ્વીકાર્યા બાદ તેની ઓફીસ/દુકાનની જાળવણી સાચવણી માટે એલોટી જાતે સંપુર્ણ જવાબદાર રહેશે તથા તેના પોતાના ખર્ચે તે સારી રીતે સમારકામ કરી સારી સ્થિતીમાં રાખશે. કોઈ કાયદા કે કોઈ સત્તાધીકારીના નિયમોનું ઉલ્લંઘન થાય તે રીતે ઓફીસ/દુકાનમાં બદલાવ કે ફેરફાર અથવા વધારા કરી શકશે નહી. સમગ્ર બિલ્ડીંગને નુકશાન થાય તે રીતે સુધારા કે ફેરફાર કરી શકશે નહી ઓફીસ/દુકાન તેની દિવાલ તથા વિભાજક દિવાલો **(Partitions)** ગટર, મોરી, પાઈપ અને તેને લગતી તમામ વસ્તુઓને**(Appurtenances)** સારી તેમજ યોગ્ય રીતે સમારકામ થઈ શકે **(Tenantable)** તેવી સ્થીતીમાં રાખશે, તેમજ તે સારી તથા યોગ્ય સ્થિતીમાં રાખશે.

**(ઈ)** સમગ્ર બિલ્ડીગ કે ઓફીસ/દુકાનને નુકશાન થાય તે રીતે સુધારા કે ફેરફાર કરી શકશે નહી તથા બિલ્ડીંગમાં આવેલ કોલમ, બીમ તથા છત વિગેરે કોઈ રીતે નુકશાન પામે નહિ અથવા તો જોખમ ન થાય તેમ રાખશે. એલોટી વધુમાં બાંહેધરી ખાત્રી તથા જવાબદારી લીએ છે કે,તે બિલ્ડીગનાં મોખરાના ભાગ**(Facade)** ઉપર અથવા મુખ્ય દ્વારે અથવા પ્રોજેકટના અથવા બિલ્ડીંગના બાહીય હિસ્સામાં બદલાવ નહી કરે, એલોટી તદુપરાંત બહારનાં હિસ્સામાં કોઈપણ સ્થળે બહારની દિવાલોમાં તથા બાર્હિય વિભાગનાં દિવાલમાં અથવા બારીઓમાં રંગકામ યોજવામાં બદલાવ નહી કરે અથવા બહારના એલીવેશનમાં કે યોજના કે રૂપરેખામાં કોઈપણ જાતનો ફેરફાર નહી કરે.

**(એફ)** એલોટી સદરહું બિલ્ડીંગમાં ગંદકી થાય કે તેની ખુલ્લી જગ્યામાં તેવા પ્રકારની ગંદકી થાય તેવા પ્રકારના કચરા તથા એઠવાડ તથા કોઈ નકામી વસ્તુ તેમાં રાખશે નહી અથવા ફેંકશે નહી.

**(જી)**ઓફીસને સબંધીત સ્થાનીક સતાવાળા અથવા સરકાર, દ્વારા માંગણી થયેલ અનામતની રકમ તેમજ વિજળી અને પાણી સબંધીત એલોટીના ફાળે આવતી તમામ અનામતના હિસ્સાની રકમ, પ્રમોટર દ્વારા માંગણી થયેથી **૧૫(પંદર)** દિવસમાં એલોટી ચુકવી આપશે.

**(એચ)** સ્થાનીક સતા અથવા સરકાર દ્વારા અથવા અન્ય કોઈ જાહેર સત્તા ઓફીસનાં વપરાશ માટે અથવા કોઈ અન્ય હેતુ માટે સ્થાનીક કરવેરા, વોટર ચાર્જ, વિમાના પ્રીમીયમની રકમ તથા તે પ્રકારની તમામ લાદવામાં આવેલ રકમમાં કાંઈ વધારો થાય તો પોતાના હિસ્સા પુરતી જે રકમ આવે તે એલોટી ચુકવી આપશે.

**(૦૯)CONVEYANCE OF THE SAID OFFICE :–**

**<u>ઓફીસ/દુકાનના દસ્તાવેજ બાબત :–</u>**

આ કરાર હેઠળ એલોટી પાસેથી પ્રમોટરને ઓફીસ/દુકાનની કિંમતની સંપુર્ણ રકમ મળ્યા બાદ તે **(Conveyance)** વેચાણ દસ્તાવેજ કરી આપશે તથા ઓફીસ/દુકાનના પ્રમાણસરના અવિભાજય હિસ્સા સહિતના હક્ક ઈલાખા, મકાન વપરાશ અંગેનું પ્રમાણપત્ર મળ્યાની તારીખથી **૩(ત્રણ)** મહિનામાં તબદીલ કરી આપશે. પરંતુ, એલોટી માંગણી મુજબ સ્ટેમ્પ ડયુટી, નોંધણી ફી તથા અન્ય આનુષાંગીક ચાર્જ તથા કાનુની ખર્ચ વિગેરેની રકમ, લેખીત માંગણી કર્યા મુજબ તેમાં દર્શાવેલ સમય મર્યાદામાં ડીપોઝીટ કરવામાં નિષ્ફળ નિવડે તો એલોટી, આથી પ્રમોટરને પોતાની તરફેણમાં વેચાણ દસ્તાવેજ **(Conveyance-Deed)** કરવાની કાર્યવાહી જયાં સુધી એલોટી દ્વારા સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ચાર્જીસ વિગેરેની આખરી પતાવટ ન થાય ત્યાં સુધી તે તમામ કાર્યવાહી મુલત્વી રાખવા પ્રમોટરને અધીકૃત કરે છે. એલોટી તદુપરાંત સોસાયટી અથવા લીમીટેડ કંપની અથવા એસોસીએશનની રચના સબંધી તેનાં હિસ્સામાં આવતી ફાળાની તમામ રકમ વેચાણ દસ્તાવેજ કરતી વખતે ચુકવી આપશે.

ગુજરાત સ્ટેમ્પ એકટ–૧૯૫૮ હેઠળની તમામ જોગવાઈના અમલીકરણ માટે તથા તે હેઠળની કોઈ કાર્યવાહી કે સક્ષમ અધીકારી દ્વારા લાદવામાં આવેલ સ્ટેમ્પ ડયુટી કમી માટે દંડ કે કોઈપણ કાર્યવાહી માટે માત્ર એલોટી સંપુર્ણ રીતે જવાબદાર રહેશે.

**(૧૦) DEFFECT LIABILITY :– <u>ક્ષતીની જવાબદારી :–</u>**

એવું કબુલ કરવામાં આવે છે કે, વેચાણના કરાર મુજબ કામગીરી, ગુણવતા કે પ્રમોટરની અન્ય જવાબદારી કે સેવા બાબતની જોગવાઈમાં કોઈ બાંધકામની ક્ષતી અથવા અન્ય ક્ષતીનાં કિસ્સામાં તે બાબત એલોટીને કબજો સોંપી આપ્યાની તારીખથી **પાંચ વર્ષ**ની અંદર પ્રમોટરનાં ધ્યાનમાં લાવવામાં આવશે તો જયારે શકય હોય ત્યારે આવી ખામીઓ પ્રયોજક દ્વારા સુધારી આપવાની રહેશે.

જો પ્રમોટર તે ક્ષતી સુધારવામાં નિષ્ફળ નિવડે તો એલોટી પ્રમોટર પાસેથી આવી ખામીનું વળતર કાયદામાં જણાવ્યા મુજબ મેળવવા હક્કદાર રહેશે. જો કે પ્રયોજક કોઈપણ સ્ટ્રકચર ખામીઓ માટે જવાબદાર રહેશે નહી અથવા ખામીઓ કે જે વર્કમેનશીપની ખામીઓ, સેવાની ગુણવતાને અને સેવાની જોગવાઈમાં ખામી કે જે પ્રયોજકને કંટ્રોલ બહાર હોય.

**(૧૧) RIGHT OF ALLOTTEE TO USE COMMON AREAS AND FACILITIES SUBJECT TO PAYMENT OF TOTAL MAINENANCE CHARGES:– <u>સંપુર્ણ મેઈનટેનન્સ(જાળવણી સાચવણી) ખર્ચની ચુકવણીને આધીન એલોટીના સામાન્ય વિસ્તાર તથા સગવડતાઓનો ઉપયોગ કરવાનો હક્ક :–</u>** એલોટી આથી કબુલ કરે છે કે તે ઓફીસ/દુકાનની ખરીદી એવી ચોક્કસ સમજુતીથી કરવામાં આવે છે કે એસોસીએશન ઓફ એલોટી(અથવા તેમના દ્વારા નિમણુંક થયેલ મેઈનટેનન્સ એજન્સી) દ્વારા નક્કી કરવામાં આવે તથા ત્યારબાદ નિમણુંક કરેલ મેઈનટેનન્સ ચાર્જની સંપુર્ણ રકમની ચુકવણીને આધીન કોમન એરીયાના વપરાશનો હક્ક રહેશે તેમજ મેઈનટેનન્સ એજન્સી અથવા એસોસીએશન ઓફ એલોટી દ્વારા ઠરાવે શરતો અને બોલીઓને આધીન તથા એલોટીની તમામ જવાબદારીઓના પાલન ઉપર આધારીત રહેશે.

**(૧૨)RIGHT TO ENTER THE OFFICE FOR REPAIRS :–**

**સમારકામ માટે ઓફીસ/દુકાનમાં દાખલ થવાનો અધીકાર :–**

પ્રમોટર/મેઈનટેનન્સ એજન્સી/એસોસીએશન ઓફ એલોટીને અથવા તેનાં એજન્ટને સામાન્ય વિસ્તાર, કોમન પાર્કિંગ તથા પાર્કિંગની જગ્યામાં જરૂરી મેઈનટેનન્સ સેવા પુરી પાડવા માટે પ્રવેશના મર્યાદીત હક્ક રહેશે તથા એલોટી કબુલ થાય છે કે એસોસીએશન ઓફ એલોટી તથા અથવા તો મેઈનટેનન્સ એજન્સીને અગાઉથી યોગ્ય સુચના આપ્યા બાદ તથા સામાન્ય કામગીરીનાં સમયમાં(સિવાય કે અનિવાર્ય સંજોગો હોય) કોઈપણ ખામીનું નિરીક્ષણ કરવા માટે ઓફીસ/દુકાનમાં પ્રવેશ આપશે.

**(૧૩)USAGE OF BASEMENT & SERVICE AREA :-**

**બેઝમેન્ટ તથા સર્વીસનો વપરાશ :–**

**""કુબેર કષ્ટભંજન""** ના નામથી ઓળખાતા કોમર્શીયલ હેતુ માટેના લો–રાઈઝ બિલ્ડીંગમાં આવેલ સર્વીસ ક્ષેત્રનો પાર્કીગ સ્પેસ, વિજળી સબ–સ્ટેશન તથા અન્ય સેવા સહિત, ટ્રાન્સફોર્મર, ડી.જી. સેટરૂમ, ભુગર્ભ પાણીના ટાંકા, પમ્પ સાધનો વિગેરે તેમજ મંજુર થયેલ પ્લાનમાં ઠરાવેલ મર્યાદીત વપરાશ માટે ઉપયોગ થશે. કોઈપણ સંજોગોમાં એલોટીને સર્વીસ એરીયા કોઈપણ રીતે અન્ય વપરાશ માટે પરવાનગી નહી મળે સિવાય કે જે પાર્કીગ જગ્યા માટે નક્કી કરી હોય તેનો વપરાશ માત્ર એસોસીએશન ઓફ એલોટી દ્વારા મેઈનટેનન્સ સેવાની સ્થિતી માટે અનામત રાખવામાં આવશે.

**(૧૪) GENERAL COMLIANCE WITH RESPECT TO THE OFFICE:–**

**ઓફીસ/દુકાન સબંધી સામાન્ય પુર્તતા બાબત :–**

**(એ)** ઓફીસ/દુકાનના આંતરીક સમારકામ તથા તેની યોગ્ય સ્થિતીમાં સાચવણી એલોટી તેના પોતાના ખર્ચે કરશે તથા સબંધીત સ્થાનીક સત્તા કે સત્તાધીકારીના નિયમ, નિયમન વિગેરેનો ભંગ નહી થાય તેની કાળજી લેશે તથા કાયદા કે કોઈ સત્તાધીકારીના નિયમોનું ઉલ્લંઘન થાય તે રીતે બદલાવ કે ફેરફાર અથવા વધારો કરી શકશે નહી તેવા ભંગ માટે એલોટી જવાબદાર રહેશે તથા નુકશાની ભરપાઈ કરી આપશે.

એલોટી ઓફીસ/દુકાનમાં કોઈપણ દિવાલ(બહારની તેમજ લોડ બેરીંગ સહિત) ખસેડશે નહી/દુર નહી કરે. પ્રમોટર દ્વારા અથવા ત્યારબાદ એસોસીએશન ઓફ એલોટી દ્વારા અથવા એસોસીએશન દ્વારા નિમણુંક કરેલ મેઈનટેનન્સ એજન્સી દ્વારા સ્થાપીત કરેલ વિદ્યુત પ્રથાને અનુરૂપ વિજળી પ્રભારની યોજના તથા વહેંચણી કરશે.

ઉપરોકત જણાવેલ કોઈપણ શરતનાં ભંગના કારણે ઉત્પન્ન થયેલ નુકશાન કે હાની માટે માત્ર એલોટી સંપુર્ણ જવાબદાર રહેશે.

**(૧૫) COMPLIANCES OF LAWS, NOTIFICATIONS ETC. BY ALLOTTEE :– એલોટી દ્વારા કાનુન, જાહેરાત વિગેરેનાં પાલન બાબત:–**

એલોટી પ્રોજેકટને સામાન્ય રીતે લાગુ પડતા તમામ કાનુનો, નિયમો, નિયમન, જાહેરાતની તથા આ ખાસ પ્રોજેકટ માટે ખાસ બાબતની તમામ જવાબદારી સાથે એલોટી આ એલોટમેન્ટનો કરાર કરે છે એલોટી આથી બાંહેધરી લીએ છે કે, આ ઓફીસ સબંધીત સક્ષમ સત્તાધીકારી દ્વારા જે કોઈ જરૂરીયાતો, અધીગ્રહણ તથા માંગણી, સમારકામ વિગેરેની જરૂરીયાત ઉત્પન્ન થાય તે પોતે પોતાના ખર્ચે કરશે.

**(૧૬) PROMOTER SHALL NOT MORTGAGE OR CREATE A CHARGE :– પ્રમોટર ગીરો મુકશે નહી અથવા બોજો ઉત્પન્ન કરશે નહી :–**

આ પ્રમોટર આ કરારમાં સહી કરે ત્યારબાદ તે ઓફીસ ગીરો મુકશે નહી અથવા તેનાં ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરશે નહી અને જો તેવું કોઈ ગીરો કે બોજો કરવામાં આવે તો અમલમાં રહેલ કોઈપણ અધિનિયમમાં ગમે તે મજકુર હોય તે છતાં આવું ગીરો બોજો જેણે આવી ઓફીસ/દુકાન ખરીદવા કબુલ કરેલ હોય તે એલોટીનો હક્ક અને હિતને અસરકર્તા રહેશે નહી.

**(૧૭)APARTMENT OWNERSHIP ACT(OF THE RELEVANT STATE):–સબંધીત રાજયનાં ફલેટ ઓનરશીપ કાનુન :–**

પ્રમોટર એલોટીને ખાત્રી આપે છે કે, આ પ્રોજેકટ સંપુર્ણ રીતે **ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ–૧૯૭૩** ને અનુરૂપ છે. પ્રમોટર ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ–૧૯૭૩ હેઠળ લાગુ પડતા વિવિધ કાયદા નિયમનનું પાલન કરીને તે દર્શાવેલ છે.

**(૧૮) BINDING EFFECT :– બંધનકારક અસર :–**

પ્રમોટર દ્વારા આ કરાર એલોટીને મોકલી આપવાથી જયાં સુધી આ કરાર એલોટી તે કરાર મળ્યાની તારીખથી **૩૦(ત્રીસ)** દિવસમાં પેમેન્ટ પ્લાનમાં ઠરાવેલ રકમ સહિત તમામ પરિશિષ્ટ સાથે સહી કરીને પ્રમોટરને પરત કરે નહી તથા પ્રમોટર દ્વારા જાણ કર્યાથી સબંધીત સબ–રજીસ્ટાર સમક્ષ નોંધણી માટે હાજર થાય નહી ત્યાં સુધી આ કરારમાં પ્રમોટર માટે કોઈ ફરજીયાત બંધન ઉત્પન્ન થયું નથી.

જો એલોટી આ કરાર **૩૦(ત્રીસ)** દિવસમાં આ કરાર સહી કરીને પ્રમોટરને સોંપણી કરવા નિષ્ફળ નિવડે અને/અથવા જયાં અને જયારે પ્રમોટર દ્વારા જાણ કર્યેથી સબ–રજીસ્ટ્રાર સમક્ષ તેની નોંધણી માટે રજુ થવામાં નિષ્ફળ જાય ત્યારે પ્રમોટર એલોટીને તેની કસુર સુધારવા સુચના(નોટીસ) આપશે, અને જો તે એલોટીને મળ્યાની **૧૫(પંદર)** દિવસમાં ભુલ સુધારવામાં ન આવે તો એલોટીના બુકીંગને રદ બાતલ સમજવામાં આવશે તથા એલોટીએ જમા કરેલ તમામ રકમ તે સમયે બુકીંગની રકમ સહિત એલોટીને કોઈપણ જાતના વ્યાજ કે વળતર સિવાય પરત આપવામાં આવશે.

**(૧૯) ENTIRE AGREEMENT :– સંપુર્ણ કરાર :–**

આ કરારને તેના પરિશિષ્ટ સહિત આ બાબત સબંધીત સંપુર્ણ કરાર તરીકે સ્થાપીત કરવામાં આવે છે. આ પહેલાની તમામ સમજુતી કોઈ અન્ય કરાર, એલોટમેન્ટ લેટર, પત્ર વ્યવહાર, વ્યવસ્થા મૌખીક અથવા લેખીત જે કાંઈ આ ઓફીસ બાબતમાં પક્ષકારો વચ્ચે કાર્યવાહી થઈ હોય તે જે કાંઈ હોય તે આથી રદ **(Supersede)** થાય છે.

**(૨૦) RIGHT TO AMEND :–** સુધારા કરવાના હક્ક બંને પક્ષકારોની સમંતીથી આ કરારમાં સુધારો થઈ શકશે.

**(૨૧) PROVISIONS OF THIS AGREEMENT APPLICABLE ON ALLOTTEE/SUBSEQUENT ALLOTEES :– આ કરારની જોગવાઈઓ એલોટી તથા ઉત્તરોતર એલોટીને લાગુ પડવા બાબત :–**

આથી બંને પક્ષકારો વચ્ચે એવી સ્પષ્ટ રીતે સમજુતી કરવામાં આવે છે તથા કબુલ કરવામાં આવે છે કે અત્રે સમાવિષ્ટ કરેલ તમામ જોગવાઈઓ આ પ્રોજેકટ સબંધીત આ નીચે ઉત્પન્ન થતી તમામ બાંહેધરી જવાબદારીઓ કોઈપણ ઉતરોતર ઓફીસના એલોટી(ખરીદનાર)ને લાગુ પડશે. તેથી તબદીલીના કિસ્સામાં ઉપરોકત કરેલ બાંહેધરીઓ તમામ ઉદેશ તથા હેતુ માટે ઓફીસ સાથે જશે.

**(૨૨) SEVERABILITY :– અલગતા બાબત :–**

આ કરાર હેઠળની કોઈ જોગવાઈ આ કાયદા અથવા તે હેઠળ નિયમો અથવા નિયમન અથવા કોઈપણ લાગુ પડતા કાયદા હેઠળ રદ પાત્ર હોય અથવા લાગુ પડી શકે તેમ ન હોય તો કરારની તે જોગવાઈઓ આ કરારના હેતુ માટે વ્યાજબી રીતે સુઅંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામાં આવશે તથા કાયદા, નિયમ તથા નિયમનને સુસંગત હોય તેટલે સુધી આ કરારની અન્ય જોગવાઈઓ માન્ય રહેશે અને કરાર સહી કરતે વખતે જે રીતે લાગુ પડવાપાત્ર હોય તે રીતે યોગ્ય રીતે અમલી રહેશે.

**(૨૩) METHOD OF CALCULATION OF PROPORTIONATE SHARE WHEREVER REFERRED TO IN THE AGREEMENT :– કરારમાં જયાં જયાં પ્રમાણસર હિસ્સાનાં ઉલ્લેખ થયા હોય ત્યાં ગણત્રીની પધ્ધતી :–**

જયાં–જયાં ઠરાવવામાં આવ્યુ હોય કે એલોટીએ પ્રોજેકટ અન્ય એલોટીઓ સાથે સામાન્ય રીતે ચુકવણું કરવાનું રહેશે, ત્યારે તે તમામ ઓફીસના કુલ કારપેટ એરીયાના પ્રમાણસર ભોગવટા અનુસાર એલોટીએ ખર્ચ ભોગવવાનો રહેશે.

**(૨૪) FURTHER ASSURANCE :– વધારાની ખાત્રી :–**

બંને પક્ષકારો કબુલ કરે છે કે, અત્રે નિશ્ચિત કર્યા મુજબ દસ્તાવેજ તથા કાર્યવાહી ઉપરાંત આ કરારની જોગવાઈને અમલમાં મુકવા માટે યોગ્ય રીતે જરૂરી જણાય તેવા અથવા અત્રે વિચારણા કરવામાં આવેલ અથવા આ વ્યવહાર અનુસરીને કોઈ હક્ક કે તબદીલી કે ઉત્પન્ન થતા હોય તેને બહાલી આપવા કે સંપુર્ણતા માટે બંને પક્ષકારો જરૂરી દસ્તાવેજ સહી કરશે તેનો સ્વીકાર કરશે તથા તે મુજબ જરૂરી દસ્તાવેજની સોંપણી કરવામાં આવશે અથવા અન્ય જરૂરી કાર્યવાહી કરશે.

**(૨૫) PALCE OF EXECUTION :– સહી કરવાનું સ્થળ :–**

પ્રમોટર તથા એલોટી દ્વારા અસર–પરસ સમજુતી થયા મુજબ આ કરાર પ્રમોટરની કચેરીને અથવા અન્ય સ્થળ પ્રમોટર અથવા તેના અધીકૃત સહી કર્તા દ્વારા સહી થયા પછી અથવા એલોટી દ્વારા તથા પ્રમોટર દ્વારા એક સાથે સહી કર્યા બાદ તે સબ–રજીસ્ટ્રાર કચેરીમાં નોંધણી થયા બાદ જે તે સંપુર્ણ થશે તથા આ કરાર **રાજકોટ** મુકામે સહી થયેલ સમજવામાં આવશે.

**(૨૬) નોંધણી :–** એલોટી અથવા/ અને પ્રમોટર આ કરાર તથા કન્વેયન્સ (વેચાણ દસ્તાવેજ) નોંધણી ધારા હેઠળ નક્કી કરેલ સમય મર્યાદામાં સબ–રજીસ્ટ્રાર કચેરીમાં નોંધણી માટે રજુ કરવામાં અને પ્રમોટર તે ઓફીસમાં હાજરી આપી સહી કર્યાની કબુલાત આપશે.

**(૨૭)NOTICES :– સુચનાઓ :–**

આ કરાર દ્વારા વિચારેલ સુચનાઓ એલોટી તથા પ્રમોટરને તેમનાં નીચે નિર્દેષ્ટ કરેલ સરનામે રજીસ્ટર ટપાલથી મોકલવામાં આવશે તો તે યોગ્ય રીતે નોટીસ બજી ગઈ છે તેમ સમજવામાં આવશે.

**(૧) એલોટીનું સરનામું :–** શ્રી.......................................
ઠે.......................................
.......................................

**(૨) પ્રમોટરનું સરનામું :–** **શ્રી તપન પ્રદિપકુમાર દતા**
ઠે. "કુબેર", ૨–પટેલ કોલોની, લાલ પેલેસ એરીયા, પોરબંદર.

આ કરાર સહી કર્યા બાદ કોઈના પણ ઉપરોકત સરનામામાં ફેરફાર થાય તો એલોટી તથા પ્રમોટરે એક બીજાને તેની જાણ કરવાની રહેશે. તેમાં તે નિષ્ફળ નિવડે તો ઉપરોકત સરનામે મોકલવામાં આવેલ પત્ર વ્યવહાર તથા ટપાલો પ્રમોટરને તથા એલોટીને યોગ્ય રીતે મળેલ છે તેમ સમજવામાં આવશે.

**(૨૮) JOINT ALLOTTES:- <u>સંયુકત એલોટી:–</u>**

જોઈન્ટ એલોટી હોય તેવા કિસ્સામાં પ્રમોટર દ્વારા જેનું નામ પ્રથમ હોય તેવા એલોટીને તેણે આપેલ હોય તે સરનામે નોટીસ મોકલવામાં આવશે તેમજ તમામ હેતુ તથા ઈરાદા માટે તે તમામ એલોટીને યોગ્ય રીતે મોકલવામાં આવી છે તેમ સમજવામાં આવશે.

**(૨૯) <u>સ્ટેમ્પ ડયુટી તથા નોંધણી ખર્ચ :–</u>**

આ કરાર તથા કન્વેયન્સ(વેચાણ દસ્તાવેજ) ની સ્ટેમ્પ ડયુટી તથા નોંધણીનો ખર્ચ એલોટી કરશે તથા તે રકમ તેણે ચુકવવાની રહેશે.

**(૩૦) DISPUTE RESOLUTION:- <u>વિવાદનો ઉકેલ :–</u>**

આ કરારની બોલીઓ તથા શરત સબંધી તથા તેને લગતી અથવા તેમાંથી ઉત્પન્ન થનાર તમામ વિવાદ જેમાં અર્થઘટન, શરતોની માન્યતા તથા સબંધીત પક્ષકારોના હક્ક તથા જવાબદારીઓ વિગેરે બાબત અરસ–પરસ સંમતીથી ઉકેલવામાં આવશે તથા તેમાં નિષ્ફળ નિવડે ત્યારે **રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન અને ડેવલપમેન્ટ) એકટ–૨૦૧૬** તથા તે હેઠળ નિયમો તથા નિયમન હેઠળ નિમવામાં આવેલ નિવેડા અધિકારી દ્વારા નિકાલ કરવામાં આવશે.

**(૩૧) GOVERNING LAW:- <u>શાસન વ્યવસ્થા :–</u>**

આ કરાર હેઠળ પક્ષકારોનાં ઉત્પન્ન થતા હક્ક તથા જવાબદારીઓ જે તે સમયે અમલમાં રહેલ ભારત સરકારનાં કાયદાને અનુસાર સમજવામાં તથા અમલ કરવામાં આવશે.

જેની સાક્ષી રૂપે ઉપરોકત દર્શાવેલ પક્ષકારોએ પોતાના મુકામે આ કરારમાં પોતાની સહી કરી છે, તથા તેની હાજરીમાં આ નીચે સાક્ષીઓએ પોતાની સહી કરી છે નીચે જણાવેલ શખ્સોએ સહી કરી કરાર સોંપી આપેલ છે.

**–: એલોટી :–**

સહી કરી કરાર કરનાર. એલોટી (સંયુકત રીતે ખરીદનારા સહીત)

×––––––––––––––––––– ફોટોગ્રાફ ચોટાડી

( ) ફોટા પર સહી કરવી

**સાક્ષીની સહી :–**

(૧) નામ .........................

સરનામું.......................

(૨) નામ .........................

સરનામું.......................

**–: પ્રમોટર :–**

(કરાર કરી સહી કરનાર)

×————————————

(શ્રી તપન પ્રદિપકુમાર દતા)

ફોટોગ્રાફ ચોટાડી

ફોટા પર સહી કરવી

**સાક્ષીની સહી :–**

(૧) નામ .........................

સરનામું.......................

(૨) નામ .........................

સરનામું.......................

**–: પરિશિષ્ટ–"૧" (મીલ્કતનું વર્ણન) (પાર્કિંગ વિગેરે સહિત) :–**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના, સબ ડીસ્ટ્રીકટ રાજકોટના, રાજકોટ શહેરમાં રાજકોટ મ્યુ. કોર્પોરેશનની હદમાં આવેલ ગામ **નાનામવા** ના રેવન્યુ સર્વે નં.**૭૩/૭૫** પૈકીની બીનખેતી જમીનના પ્લોટસ પૈકી સબ પ્લોટ નં.**૭૪/એ, ૭૪/બી** તથા **૭૪/સી** ની કુલ મળી જમીન ચો.મી.આ.**૪૪૬–૩૫** ઉપર ""**કુબેર કષ્ટભંજન**"" ના નામથી ઓળખાતું કોમર્શીયલ હેતુ માટેનું લો–રાઈઝ બિલ્ડીંગ આવેલ છે જેમાં દરેક ફલોર ઉપર નીચે દર્શાવેલ વિગત મુજબ બાંધકામ કરવામાં આવેલ છે. સદરહું બીલ્ડીંગની ચતુઃસીમા નીચે મુજબ છે.

**–:: બેઈઝમેન્ટ ફલોરમાં ::–**

કવર્ડ પાર્કીગ, સીડી, લીફટ, પેસેજ તથા રેમ્પનું બાંધકામ કરવામાં આવેલ છે.

**–:: ગ્રાઉન્ડ ફલોરમાં ::–**

**એક** દુકાન, ટોઈલેટ, સીડી, લીફટ તથા પેસજનું બાંધકામ કરવામાં આવેલ છે.

**–:: પહેલા માળે ::–**

**એક** દુકાન, ટોઈલેટ, સીડી, લીફટ તથા પેસજનું બાંધકામ કરવામાં આવેલ છે.

**–:: બીજા માળે ::–**

૭ ઓફીસ, એક જેન્ટસ તથા એક લેડીઝ ટોઈલેટ, W.C. તથા સીડી,લીફ્ટ, પેસેજ તથા બે–ટેરેસનું બાંધકામ કરવામાં આવેલ છે.

**–:: ત્રીજા માળથી છ્ઠા માળ સુધી દરેક ફલોર ઉપર ફલોર દીઠ ::–**

૭ ઓફીસ, એક જેન્ટસ તથા એક લેડીઝ ટોઈલેટ, W.C. તથા સીડી,લીફ્ટ, પેસેજનું બાંધકામ કરવામાં આવેલ છે.

**–:: સાતમા માળે ::–**

ચાર ઓફીસ, એક જેન્ટસ તથા એક લેડીઝ ટોઈલેટ, W.C. તથા સીડી, લીફ્ટ, પેસેજ તથા બે–ટેરેસનું બાંધકામ કરવામાં આવેલ છે.

**–:: ""કુબેર કષ્ટભંજન"" ના નામથી ઓળખાતા બિલ્ડીંગની ચતુઃસીમા ::–**

**ઉતરે** :– ૭–૬૨ મીટરનો રસ્તો આવેલ છે.

**દક્ષીણે** :– અન્યની માલીકીની મીલ્ત આવેલ છે.

**પુર્વે** :– ૪૫–૦૦ મીટરનો રસ્તો આવેલ છે.

**પશ્ચિમે** :– અન્યની માલીકીની મીલ્કત આવેલ છે.

**–:: પરિશિષ્ટ–"૨" (ઓફીસ/દુકાનનો ફલોર પ્લાન/વર્ણન) ::–**

સદરહું ઉપરોકત પરિશિષ્ટ–"૧" માં દર્શાવેલ પ્લોટની જમીનમાં આવેલ **""કુબેર કષ્ટભંજન""** ના નામથી ઓળખાતા કોમર્શીયલ હેતુ માટેના લો–રાઈઝ બિલ્ડીંગમાં........ ફલોર ઉપર આવેલ ઓફીસ/દુકાન નં...... કે જેનો **કારપેટ** એરીયા ચો.મી.........છે. સદરહું ઓફીસ/દુકાનની ચતુઃસીમા નીચે મુજબ છે.

**ઉતરે** :–

**દક્ષીણે** :–

**પુર્વે** :–

**પશ્ચિમે** :–

**–:: પરિશિષ્ટ–"૩" (સહીયારી સુવિધાઓનું વર્ણન) ::–**

સદરહું ઉપરોકત પરિશિષ્ટ–"૧" માં દર્શાવેલ જમીન ઉપર આવેલ **""કુબેર કષ્ટભંજન""** ના નામથી ઓળખાતા કોમર્શીયલ હેતુ માટેના લો–રાઈઝ બિલ્ડીંગમાં આવેલ દુકાન તથા ઓફીસ હોલ્ડરો માટેની સહિયારી સુવિધાઓ નીચે મુજબ છે.

સદરહું ""**કુબેર કષ્ટભંજન**"" ના નામથી ઓળખાતા કોમર્શીયલ હેતુ માટેના લો–રાઈઝ બિલ્ડીંગમાં આવેલ બીમ, કોલમ, સપોર્ટીંગ વોલ, છત, લીફ્ટ, લીફ્ટ મશીન રૂમ, અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવર હેડ ટેંક, બેઝમેન્ટમાંથી ટોપ ફ્લોર સુધી ચડવા–ઉતરવા માટેની સીડી, દરેક ફ્લોર ઉપર આવેલ કોમન પેસેજ, પાણી ચડાવવા માટેની મોટર, જનરેટર–૧ સેટ, બેઝમેન્ટમાં આવેલ કવર્ડ પાર્કિંગ તથા ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ કવર્ડ પાર્કિંગ વિગેરે સહિયારી સુવિધાઓ દુકાન તથા ઓફીસ હોલ્ડરોને આપવામાં આવશે જે કાયમ માટે અવિભાજય રહેશે જેનો ઉપયોગ આ બિલ્ડીંગમાં દુકાન/ઓફીસ ધરાવનારાઓએ સંયુકત રીતે કરવાનો છે. જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

**<u>–:: એનેક્ષર–"૧" ::–</u>**

**રેરા હેઠળના નોંધણી પ્રમાણપત્રની નકલ**

**<u>–:: એનેક્ષર–"૨" ::–</u>**

ફીટીંગ વિગેરેની યાદી

(બિલ્ડીંગની વિગત, વર્ણનો અને સુવિધાઓ)

**(Specification & Amenities)**

ઓફીસમાં તમામ પ્રકારનો માલ સામાન પ્રમાણભુત ગુણવતા(**Standard**) પ્રમાણેનો ઉપયોગ કરવામાં આવેલ છે. જેમાં

**:૧:** આર.સી.સી. ફ્રેમસ્ટ્રકચર

**:૨:** બિલ્ડીંગમાં આગળના ભાગમાં ગ્લાસ(કાચ)નું એલીવેશન

**:૩:** બહારની દિવાલો સેન્ડફેઈસ પ્લાસ્ટર, એકસ્ટેરીયર કલર સાથે અંદરની દિવાલોમાં રોગા પ્લાસ્ટર પુટ્ટી ફીનીશ.

**:૪:** દરવાજો :– બંને બાજુ સનમાઈકા લગાવેલુ ફલશ ડોર

**:૫:** બારી :– એલ્યુમીનીયમ સ્લાઈડીંગ બારી

**:૬:** ફલોરીંગ :– **Standard** કંપનીની વિટ્રીફાઈડ ટાઈલ્સ.

**:૭:** W.C. :– ગ્લેઝ ટાઈલ્સ, લીન્ટલ લેવલ સુધી સારી ગુણવતાવાળા સેનેટરીવેર્સ.

**:૮:** પ્લમ્બીંગ :– સારી ગુણવતાવાળા પાઈપ ફીટીંગ સાથે

**:૯:** ઈલેકટ્રીક :– સારી ગુણવતાવાળા ઈલેકટ્રીક કોપર વાયર તથા સ્વીચીઝ

**:૧૦:** લીફ્ટ :– સારી ગુણવતાવાળી લીફ્ટ

તદઉપરાંત બિલ્ડીંગમાં સામાન્ય સગવડતા માટે પણ પ્રમાણભુત માલસામાન વાપરવામાં આવેલ છે.

**<u>-:: એનેક્ષર -"૩" ::-</u>**

**-:: બીલ્ડીંગનો ફ્લોર પ્લાન ::-**

આ વેચાણ કરાર (કબજા વગર) અમોએ અમારી રાજીખુશીથી, વાંચી, વીચારી, સમજી, જીવ કાયમ રાખી, કોઈપણ જાતના દબાણ વિના, શુધ્ધ બુધ્ધિથી, બીન કેફે, અકકલ હોશિંયારીથી તમારા જોગના આ વેચાણ કરારમાં લખેલ શરતો અને ફરજો અને જવાબદારીઓ તમોને સમજાવી લખી આપેલ છે જે આપણે બંને પક્ષકારોને કબુલ મંજુર અને બંધનકર્તા છે.

રાજકોટ

તા. – –૨૦૨૧

અત્ર::::::::::::::::::::::::::::::::::મતુ અત્ર::::::::::::::::::::::::::::::::::શાખ

———————————— ૧.......................................

(શ્રી તપન પ્રદિપકુમાર દતા)

૨.......................................